ઓફિસ વેચવાની છે
વલ્લભ વિદ્યાનગર, રાજ કોમર્શિયલ કોમ્પલેક્ષ, વિરામ બંગલા સામે, ઓનેસ્ટ હાઉસ પાસે, સેકન્ડ ફ્લોર, ૧૬૦૦.૦ ચો.ફુટ, જીમ, ક્લાસીસ, કોર્પોરેટ વિગેરે લાયક તાત્કાલિક વેચવાની છે.
મો.નં. 8141755855

ચીમની એક્સચેન્જ ઓફર
Nagold-Teresa 90 મોડલ ખરીદો અને જુની ચીમનીના રૂા.8000/- સુધી બાદ મેળવો
આસામ સેલ્સ કોર્પોરેશન
સંકેત કોમ્પલેક્ષ, આણંદ
Mo.No.8866330334

બીગ સ્ક્રીન હોમ થીયેટર
૧૨૦" મોટો પડદો
Dolby Digital Atmos સરાઉન્ડ સાઉન્ડ
ડેમો માટે સંપર્ક કરો :
9537355599
9033412964

ઓછાં નાણાં
ગામે ગામ ભરપૂર ગ્રાહકો
નયા પડકારમાં જાહેર ખબર માત્ર રૂા. ૧૫૦
તમારા વેપાર-ધંધાની જાહેરાત માટે આકર્ષક
સંપર્ક:
નયા પડકાર, આણંદ
ફોન : 252840, 253440

જીણજ હાઈસ્કૂલમાં ગુરૂકૃપા તેજસ્વી વિદ્યાર્થી છાત્રાલયનો શુભારંભ

આણંદ,તા.૧૮

અમૃતભાઈ શીવાભાઈ પટેલ કેળવણી મંડળ-જીણજ સંચાલિત અકેશ એમ. પટેલ અને દિનશા જે. પટેલ ઉ.મા.શાળામાં ૮મી જૂનના રોજ મંડળના પ્રમુખ ઈન્દુભાઈ પી. પટેલ, છાત્રાલયના સ્વપ્રદષ્ટા સભ્ય છોટાકાકા તેમજ કારોબારી મંડળના અન્ય સભ્યો તથા ગામના સરપંચ ભવાનભાઈ ભરવાડ તથા શાળાના આચાર્ય ચંદ્રકાંતભાઈ પટેલ અને સમગ્ર શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં મંડળના પ્રમુખ ઈન્દુભાઈ પટેલના હસ્તે ધોરણ ૧૧-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના બાળકો માટે રહેવા-જમવાની મફત સગવડવાળા ગુરૂકૃપા તેજસ્વી વિદ્યાર્થી છાત્રાલયના બાળકોને તેમના વાલીઓની સાક્ષીમાં રસોઈ પીરસીને છાત્રાલયનો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે શાળામાં નવનિયુક્ત શિક્ષક સ્નેહલકુમાર પરમાર અને પટેલ દમયંતીબેનને પુષ્પગુચ્છ આપી શાળા પરિવારમાં આવકારવામાં આવ્યા હતા. તેમજ મુ. બાંધણી (હાલ-યુ.કે)ના વતની પટેલ હર્ષીક્ષાબેન જયંતિભાઈએ શાળાના ગરીબ વિદ્યાર્થીઓ માટે ચંપલ લાવવા માટે રૂ. ૧૦,૦૦૦ આપ્યા અને આણંદ (હાલ-યુ.કે)ના વતની એવા પટેલ સુમિત્રાબેન હર્ષદકુમારે શાળાના બે ગરીબ વિદ્યાર્થીઓને દત્તક લઈ તેમના અભ્યાસના ખર્ચ માટે રૂ.૧૨,૦૦૦ આપ્યા. જે બદલ સમસ્ત શાળા પરિવારે આ બંને દાતાઓનો આભાર માન્યો હતો.

ભારતની આઝાદી માટે વિદેશમાં પ્રથમ ગુજરાતી પત્રકાર : છગન ખેરાજ વર્મા

માદામ કામાએ અંગ્રેજી ભાષામાં વંદે માતરમ પેરિસથી કર્યું. શ્યામજી કૃષ્ણજી વર્માએ લંડનમાંથી ઈન્ડિયન સોશ્યાલિસ્ટ અંગ્રેજી સામાયિક કર્યું. દક્ષિણ આફ્રિકામાંથી મહાત્મા ગાંધીએ ઈન્ડિયન ઓપીનિયન શરૂ કર્યું. આ બધાએ વિદેશની ધરતી પર રહીને અંગ્રેજ સત્તા સામે છાપા મારફતે આઝાદીનો જંગ માંડ્યો. આમાં સૌથી વધારે સિનિયર હતા છગન ખેરાજ વર્મા. તેમણે ૧૯૧૪માં ગુજરાતમાં દર સામાયિક અમેરિકાના સાનફ્રાન્સિસ્કોથી શરૂ કરેલું. ગદર અંગ્રેજી, ગુરૂમુખી ત્રણ ત્રણ ભાષામાં ગદર પ્રકાશિત થતું. આમ વિદેશની ધરતી પર રહીને અંગ્રેજ આધિપત્ય સામે અવાજ બુલંદ કરનાર અને તે માટે પત્રકારત્વનો આશરો લેનાર ચારે ચાર ગુજરાતી હતા. તેમાં પોરબંદરની બે વ્યકિત. એક વણિક પુત્ર. બીજો લુહાણા પુત્ર. બંને વેપારી કોમની વ્યકિતઓ. ચારેય વ્યકિતમાં સૌથી સિનિયર તે છગન ખેરાજ વર્મા, હિંસા કે અહિંસા જે રસ્તે આઝાદી મળે તે રસ્તે મેળવવાનું છગન ખેરાજ વર્માનું ધ્યેય હતું. તેમણે આ ધ્યેય પ્રાપ્તિના જંગમાં જાનની પરવા ન કરી.

ગજબની હિંમત હતી છગન વર્માની. ૧૯૧૧માં તેમણે કેનેડાના એક ઝોરા અધિકારીને સંભળાવેલું, તમે ધોળિયાઓ અમને હિંદીઓને કેનેડામાંથી હાંકી કાઢવા માગો છો, તો સાંભળી લો, અમે હિંદુસ્તાનમાં એક પણ ધોળિયાને રહેવા નહીં દઈએ.

છગન વર્માની વાણીમાં ફનાગીરી અને વીરતાનો રણકો હતો. ગજબની ખુમારી અને આત્મવિશ્વાસનાં દર્શન તેમની વાણીમાં થતાં એમના શબ્દો અને કલમ બંને તેજાબી હતાં. કેનેડાના વાનકુંવરમાં આ ગુજરાતી છગન ખેરાજ વર્મા રહેતા. એક દિવસ પોલીસે એમના ઘર પર દરોડો પાડીને એક ડાયરી કબજે કરી. આ ડાયરીમાં ઈંગ્લેન્ડ અને અમેરિકામાં રહીને ક્રાન્તિકારી પ્રવૃત્તિઓમાં જોડાયેલી વ્યકિતઓનાં નામ અને સરનામાં હતાં. ઉપરાંત બૉંબ બનાવવાની વિવિધ રીતો દર્શાવતું સાહિત્ય પણ જમીમાં જડેલું. અદાલતમાં કેસ ચાલ્યો પણ ઈમિગ્રેશન ખાતાએ કાયદેસરની પદ્ધતિ વિના કેસ કર્યો હોવાથી ટેકનિકલ કારણોસર, કોર્ટે છગન વર્માને છોડી દીધા આને લીધે કેનેડામાં વસતા હિંદીઓની હિંમત વધી. ભય ઘટ્યો. અહીંની ગોરી સરકારે હિંદીઓ ઘાકીને જાતે જ કેનેડા છોડીને પાછા જાય તેવી રીત અમલી બનાવી હતી. આ ગુજરાતીને કારણે હિંમત વધતાં હિંદીઓ કેનેડાની ધરતીને જળોની જેમ વળગી રહ્યા.

૧૮૫૬માં પોરબંદરમાં ખેરાજ વર્માના પરિવારમાં છગનનો જન્મ થયો. આ વર્ષ અંગ્રેજો સામે સમગ્ર ભારતમાં અસંતોષના ઉકળાટનું વર્ષ હતું. અંગ્રેજો સામેના સ્વાતંત્ર્ય સંગ્રામની ગુપ્ત તૈયારી ચાલતી હતી. આમ અંગ્રેજ શાસન સામેના અસંતોષ અને અણગમાના સંસ્કાર છગનમાં જન્મથી શરૂ થયા. ગાંધીજી કરતાંય, એ જ નગરમાં છગનનો ૧૩ વર્ષ પહેલાં પ્રવેશ થયો.

વિદેશોની ધરતી પર રહીને ભારતની આઝાદીની પ્રવૃત્તિ કરવામાં ત્રણ ગુજરાતી. આમાં માદામ ભીખાજી કામા જેમણે ભારતનો રાષ્ટ્રધ્વજ આપ્યો. બીજા શ્યામજી કૃષ્ણજી વર્મા જેમણે લંડન, પેરીસ, ઓસ્ટ્રિયા અને સ્વીટઝરલેન્ડમાં રહીને ભારતની આઝાદી માટેની પ્રવૃત્તિ ચલાવી, ક્રાન્તિકારીઓ માટે પ્રેરક

ચારૂતરી
- પ્રા. ચંદ્રકાંત પટેલ

બની રહ્યા. ત્રીજા હતા કેનેડા અને યુ.એસ.એ.માં રહીને આઝાદીની પ્રવૃત્તિ કરનારા, ક્રાન્તિકારી અને નીડર છગન ખેરાજ વર્મા.

છગન વર્મા ગદરની ગુજરાતી આવૃત્તિના તંત્રી હતા. જો કે પ્રથમ અંક ૧૯૧૩માં બહાર પડેલો પણ ગુજરાતી અંક ૧૯૧૪માં શરૂ થયો. છગન ખેરાજ વર્મા ક્રાન્તિકારી હતા. અંગ્રેજોની ઝપટમાં ના આવી જાય માટે ગદરની ગુજરાતી આવૃત્તિના તંત્રી તરીકે હુસેન રહીમ નામ મૂકેલું, પણ એ હતું છગન વર્માનું છદ્મ નામ.

૧૮૯૬માં છગન ખેરાજ વર્મા હોનુલુલુ આ પછી ત્યાં થોડું રોકાઈને જાપાન ગયા જાપાન જતી વખતે નામ બદલીને હુસેન રહીમ થયા.

૧૮૫૭ના ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ પછી અંગ્રેજોને આઝાદી વાંચ્છુ ક્રાન્તિકારી હિંદીઓનો ડર ગ્યો. આવા હિંદીઓ જ્યાં બ્રિટીશ સંસ્થાન હોય ત્યાં પહોંચીને આઝાદીની ભાવના ફેલાવે તો અંગ્રેજોની મુશ્કેલી વધે. આ માટે અંગ્રેજો તકેદારી રાખતા થયા હતા. આ પછી તે કેનેડા આવ્યા. અંગ્રેજ સરકારે કેનેડામાં હિંદીઓને પ્રવેશવા પર પ્રતિબંધ મૂકયો હતો. નવા હિંદીઓ આવી ના શકે પણ જૂના હોય તે પણ થાકીને જતા રહે તેવી રીતે કેનેડાના ગોરા શાસકો વર્તતા હતા. કેનેડાના હિન્દીઓ મધ્ય અમેરિકાના હોન્ડુરાસમાં વસવા જાય તો ત્યાં ઘણી સારી સવલતો છે. વિકાસની તકો છે અને આથી જનારનું ભાવિ ઉજ્જવળ થશે એમ ઠસાવવા હોપકિન્સ નામનો કેનેડિયન અધિકારી વાનકુંવર આવ્યો હતો.

કેનેડામાં હિન્દીઓની વસતિમાં મુખ્યત્વે શીખ હતા. આ હિન્દીઓ વાનકુંવરના એક ગુરૂદ્વારમાં ભેગા થયા. તેમણે અહીં જ વસવાનો, કાયમી રહેવાનો મત વ્યકત કર્યો. છતાં જો પરાણે કાઢવામાં આવે તો એની સામે લડી લેવાના ભાગરૂપે યુનાઈટેડ ઈન્ડિયા લીગ નામનું સંગઠન સ્થાપ્યું. આના સ્થાપકોમાં ત્રણ જણે નેતાગીરી લીધી. તેમાંના બે હતા શીખ. ભાગસિંહ અને બળવંતસિંહ. ત્રીજા હતા છગન ખેરાજ વર્મા. ગુજરાતી પણ નામ રાખેલું હુસેન રહીમ.

છગન વર્મા ૧૯૧૦માં વાનકુંવર આવીને તેમની ચીવટ, મહેનત, સાહસિક સ્વભાવ, હિંદીઓના હકની લડત પ્રત્યે તેમની સતત પ્રવૃત્તિ એ બધાને લીધે કેનેડાના હિન્દીઓના આગેવાન બન્યા હતા. આ પછી કેલિફોર્નિયાના સાનફ્રાન્સીસ્કો ગદરની ગુજરાતી આવૃત્તિના તંત્રી તરીકે ઝંપલાવ્યું. ગદરે ક્રાન્તિની આગ ફેલાવી. છગન ખેરાજ વર્માને પછીથી અમેરિકા અને કેનેડા છોડવાનો વારો આવ્યો. અંગ્રેજોથી બચવા ગુપ્ત વેશે ભાગ્યા. તેમ એક નામ ખેમચંદ દામજી પણ રાખેલું. તેઓ સિંગાપોરમાં પકડાયા. અંગ્રેજ અફસરોની હાજરીમાં તેમને ફાંસીએ લટકાવવામાં આવ્યા ત્યારે વંદે માતરમ બોલીને તેમણે જાતે જ ફાંસીનો ગાળિયો સ્વીકારી લીધેલો.

છગન ખેરાજ વર્મા, હુસેન રહીમ અને ખેમચંદ દામજીએ ત્રણ ત્રણ નામે તેમણે કરેલી અંગ્રેજ શાસન સામેની પ્રવૃત્તિની બધી વિગતો ગદર અને યુનાઈટેડ ઈન્ડિયા લીગ સિવાયની હજી અંધારામાં જ છે. ત્રણ નામો અને સો કરતાં વધારે વર્ષનો સમય ક્રાન્તિકારી છગન વર્માના આઝાદી માટેના કર્મયોગને છૂપાવીને બેઠો છે.

-૦-૦-૦-

ઉમરેઠની પ્રજા અનિયમિત વીજ પ્રવાહથી પરેશાન

આણંદ,તા.૧૮

અતીશય ગરમીના દિવસોમાં ઉમરેઠ એમ.જી.વી.સી.એલ કુના વિજળી પ્રવાહમાં ધાંધીયા શરૂ થઈ ગયા છે.

કાળઝાળ ગરમીમાં લોકો પરશેવે રેબ ઝેબ હોય ત્યા અચાનક વારંવાર વિજળી ગુલ થઈ જતા અબાલવૃદ્ધ સૌ પરેશાન થઈ જાય છે.

ઉમરેઠની પંદર નંબરની ઓફિસેથી ઉધ્ધતાઈભર્યો જવાબ મળે છે અને જણાવે છેકે ગામમાં એસી, ફ્રિજ વધવાથી વીજળી લોડમાં વધારો-ઘટાડો થવાનો જ.

હમણાં જ સૈકુલાહનગર સોસાયટી વિસ્તારમાં વીજપ્રવાહની વધઘટ થતાં ઈલેકટ્રીક ઉપર નિર્ધારીત સાધનો બળી જવા પામ્યા છે.આ અંગેની લેખીત અરજી કાર્યપાલ ઈજનેરને આપવામાં આવી છે. છતાં આજદિન સુધી પરિસ્થિતિમાં સુધારો થયો નથી. એમજીવીસીએલના ઈજનેરો કહે છે, વીજળીનો વપરાશ વધેતો વીજલોડ અંગે અમારી કોઈ જવાબદારી નથી.

આમ વિજકંપનીના વર્તન અને કાર્યથી ઉમરેઠની પ્રજા હેબતાઈ ગયા છે.

અમદાવાદમાં નિશુલ્ક સ્તન કેન્સરનું નિદાન તેજ રાહત દરે ઓપરેશનનો કેમ્પ

આણંદ,તા.૧૮

ડો. જીવરાજ મહેતા સ્મારક હેલ્થ ફાઉન્ડેશન બકેરી મેડિકલ રીસર્ચ સેન્ટર અમદાવાદ ખાતે તા. ૧૮-૬-૧૭, ૨૫-૬-૧૭, તા. ૨-૭-૧૭, તા. ૯-૭-૧૭ અને તા. ૧૬-૭-૧૭ના પાંચ રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન નિશુલ્ક સ્તન કેન્સરનો નિદાન કેમ્પતેમજ અત્યંત રાહત દરે તેનો ઈલાજનો કેમ્પ રાખવામાં આવેલા છે. તા. ૧૮-૬-૧૭ થી તા. ૧૬-૭-૧૭ના સમયગાળા દરમ્યાન ઓપીડીમાં આવતાં દરેક કન્સલટન્ટ દર્દીઓને વિના મૂલ્યે તપાસશે.

વૃશ્ચિક રાશિમાં પુનઃ શનિ મહારાજ પધારે છે

કઈ રાશિઓને કેવી અસર કરશે તેની વિગતો જ્યોતિષાચાર્ય કનુપ્રસાદ વિ. ઠાકર (જોષી) આણંદ-યુએસએ આપે છે

(મેષ : અ.લ.ઈ) આપને નાની પનોતી સોનાના પાયે હોવાથી કાર્યમાં અંતરાય, આરોગ્ય બગડે, ખર્ચ - ઉપાધી જણાય.

(વૃષભ: બ.વ.ઉ) આપને પનોતી નથી, લોખના પાયે શનિ હોવાથી અશાન્તિ ખર્ચ-માનસિક પરિતાપ ભોગવાય.

(મિથુન : ક.છ.ઘ) આપને પનોતી નથી, સોનાનાં પાયે શનિ હોવાથી વિચારો-કોઈથી મન દુઃખ થાય, ખર્ચ વધી જાય, ધંધામાં મધ્યમ.

(કર્ક : ડ.હ) આપને પનોતી નથી, તાંબાના પાયે શનિ હોવાથી ઉત્તમ લાભ-પ્રગતિ કરાવે, ખર્ચ-આવક થાય, પ્રવાસ બને.

(સિંહ : મ.ટ) આપને નાની પનોતી રૂપાનાં પાયે શનિ હોવાથી નોકરી-ધંધામાં ઉત્તમ પ્રગતિ-લાભ મલે, કામ પાર પડે.

(કન્યા : પ.ઠ.ણ) આપને પનોતી નથી, લોખંડના પાયે શનિ હોવાથી માનસિક પરિતાપ ઉચાટ જણાય, ખર્ચ વધી જાય, કોઈથી વિશ્વાસ ઘાત થવાય.

(તુલા : ર.ત) આપને મોટી પનોતીનો છેલ્લો તબક્કો તાંબાના પાયે શનિ હોવાથી ધારણા પાર પડે, નવિન ચાન્સમલી આવે, વિચારો જણાય, આવક જણાય.

(વૃશ્ચિક : ન.ય) આપને મોટીપનોતીનો બીજો તબક્કો સોનાના પાયે અશાન્તિ, ઉચાટમય બને, ખર્ચ વધી જાય આરોગ્ય બગડે.

(ધન : ભ.ધ.ફ.ઢ) આપને મોટી પનોતીનો પ્રથમ તબક્કો કૂપાને પાયે, નવિન ચાન્સ મલે, ધંધામાં પ્રગતિ લાભમલે, શુભ ફળ મલે

(મકર : ખ.જ) આપને પનોતી નથી. લોખંડના પાયે શનિ હોવાથી આરોગ્ય બગડે, ખર્ચ થાય, માનસિક પરિતાપ ભોગવાય

(કુંભ : ગ.શ.સ) આપને પનોતી નથી તાબાના પાયે શનિ હોવાથી કાર્યમાં સફળતા મલે, પ્રવાસથાય મનને શાન્તિ ભોગવાય

(મીન : હ.ચ.ઝ.થ) આપને પનોતી નથી રૂપાનાં પાયે શનિ હોવાથી પ્રગતિ-લાભ આપે, નવિન ચાન્સ મલે, ખર્ચનો વધારો થાય સંતાનથી ઉત્તમ રહે.

નોંધ આપશ્રી વૃશ્ચિક રાશિમાં શનિ મહારાજ કેવું ફળ આપે તે જાણવા જન્મકુંડળીમાં ક્યાં સ્થાને બીરાજમાન થયેલ છે. કોઈ જ્યોતિષ દ્વારા જાણવા મલે.

-૦-૦-૦-

ચરોતર વયસ્ક નાગરિક સંગઠન તેની પંચમ વર્ષીય ઉજવણી કરશે

આણંદ,તા.૧૮

આણંદ જિલ્લાની વિવિધ સિનિયર સિટિઝન કલબોનું સંગઠન ચરોતર વયસ્ક નાગિરક સંગઠન આણંદ જિલ્લો તેની પંચમ વર્ષીય ઉજવણીના એક ભાગરૂપે તા. ૨૪-૬-૨૦૧૭ને શનિવારના રોજ જવાહરલાલ એફ. પટેલ, સિ.સિ. ફોરમ બોરસદના પ્રમુખસ્થાને યોજાઈ રહ્યું છે. જેનું ઉદ્ઘાટન રાજેન્દ્રભાઈ એ. પટેલ કરશે (રીટાયર્ડ ડે. એકઝીકયુટીવ એન્જીનીયર આર એન્ડ બી. ઉમરેઠ)

પ.પુ. શ્રી ભગવત ચરણ સ્વામિ, અ.પુ. સ્વામિનારાયણ મંદિર આણંદના સંગઠનને આશીવચન આપશે.

નેધરલેન્ડ અને હાલ થામણાના પ્રદીપભાઈ ભટ્ટ પ્રેરણાદાતા રહેશે. સમારંભના મુખ્ય મહેમાનપદે છાણીના જયંતભાઈ કુલાભાઈ પટેલ, તેમજ અતિથિવિશેષપદે આણંદના એડવોકેટ વિનોદભાઈ એમ. શાહ, થામણા હાલ સુરતના નવલભાઈ ડી. પટેલ, કલ્હારીના, વિનોદભાઈ જી. શાહ તથા બોરીઆવીના મહેન્દ્રભાઈ એ. પટેલ હાજરી આપશે. પૂર્વ પ્રમુખ ઈન્દ્રવદન સી. શાહ, સિ.સિ. ફેડરેશન ગુજરાત તથા બ્રહ્મકુમારીનું સેન્ટર-ઉમરેઠના બ્રહ્મકુમારી નીતાબેન સંચાલીકા તેમજ આણંદના ડી.એસ.પી. (પોલીસ અધિક્ષક) સૌરભસિંધ વ્યકતવ્ય રજુ કરશે.

અશોકભાઈ એમ. શાહ મહામંત્રી તથા રમેશભાઈ એસ. પટેલ પ્રમુખ તથા સમગ્ર કારોબારી કમિટિના સદસ્યો ઉજવણી અંગે તડામાર તૈયારીઓ કરી રહ્યું છે.

ડભોઈ હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો, ચોપડા, નોટબુકોનુ વિતરણ કરાયું

આણંદ,તા.૧૮

બી.બી. પટેલ હાઈસ્કુલ, ડભોઉમા દાતાશ્રી તરફથી વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો, ચોપડા તથા નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે શાળા આચાર્ય ભૂપેન્દ્રભાઈ આર. પટેલે જણાવ્યું હતું કે, સ્વ. નારણભાઈ મહીજીભાઈ પટેલ તથા સ્વ. મણીબેન નારણભાઈ પટેલ પરિવાર (નિલકંઠ ટ્રસ્ટ)ના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી ધોરણ ૬ થી ૧૦ના વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો, ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને નોટબુકો, તથા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને નોટબુક તથા ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેન્દ્રભાઈ પટેલ, હિરેનકુમાર એમ. પટેલ, શ્રીમતી સ્વાતીબેન એન. પટેલ, કૌશલ શાહ તથા નિરાલી શાહ ઉપસ્થિત રહ્યા હતા. અને શાળાના આચાર્યશ્રીએ દાતાશ્રીનો આભાર માન્યો હતો.

પેટલાદ તાલુકાના વટાવ ગામમાં વેપારી મનોજભાઈ છોટાભાઈ પટેલને કોઈ ગ્રાહક પાસેથી રૂપિયા દશની ક્ષતિયુક્ત ચલણી નોટ મળી છે. આ રૂપિયા દશની નોટમાં જમણી બાજુ ૬૩૫૦૭૭૪૯૨ નંબર છે. પરંતુ આજ નંબર ડાબી બાજુ નિચેના ભાગે લખવાવો જોઈએ જેના બદલે ડાબી બાજુ ઉપરના ભાગે લખાયો છે અને તે પણ તદન ખોટો છે.

(તસ્વીર : ગોતમ જોષી, વટાવ)

બ્રહ્મકુમારીઝ આણંદ દ્વારા વ્યાખ્યાન યોજાશે

આણંદ,તા.૧૮

બ્રહ્મકુમારીઝ સંસ્થાના ૮૦માં સ્થાપના વર્ષ નિમિતે બ્રહ્મકુમારીઝ, સર્ચલાઈટ, સરદારગંજ રોડ આણંદ ખાતે તા. ૨૭, ૨૮ અને ૨૯ જુન ૨૦૧૭ના રોજ સાંજના ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન ખુશનુમા જીવન વિષય પર વ્યાખ્યાન યોજનાર છે. આ વ્યાખ્યાનના મુખ્ય વકતા તરીકે બી.કે. અનુજસિંઘ (માઉન્ટ આબુ) ઉપસ્થિત રહેનાર છે. જેઓએ વિવિધ કંપનીઓમાં તેમજ ખ્યાતનામમ સંસ્થાઓમાં વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપેલ છે. આ પ્રસંગે રામકૃષ્ણ સેવા મંડળ આણંદના પ્રમુખ હેમંતભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે આણંદ જિલ્લા શિક્ષણાધિકારી મહેશભાઈ શર્મા, ઓમશાન્તિ મીડીયા માઉન્ટ આબુના સંપાદક રાજયોગી બી.કે. ગંગાધર વગેરે ઉપસ્થિત રહેનાર છે.

રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસીના ૮૦ ટકા વિદ્યાર્થીઓને જોબ મળ્યા

આણંદ,તા.૧૮

ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચાંગા ખાતે આવેલ રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસીના વિદ્યાર્થીઓને ૧૦ અગ્રીમ કંપનીઓએ ૧૩૫ જેટલી જોબ ઓફર કરી છે. જે હેઠળ સંસ્થા ખાતે અભ્યાસ કરતા બી. ફાર્મ અને એમ. ફાર્મના વિદ્યાર્થીઓનું ૮૦ટકા પ્લેસમેન્ટ થયું છે. તદુપરાંત કેટલાક વિદ્યાર્થીઓએ ઉદ્યોગ સાહસિક, ફેમીલી બિઝનેસ, ઉચ્ચ અભ્યાસ માટે નિર્ણય આ ઉપરાંત ૧૭ જેટલી કંપનીઓમાં વિદ્યાર્થીઓએ તેમના પ્રોજેક્ટ અને ટ્રેનિંગ લીધી છે. પ્લેસમેન્ટ આપનાર અગ્રીમ કંપનીઓમાં વિદ્યાર્થીઓને ૨.૫ લાખ સુધીનું પેકેજ મળેલ છે. ઝાયડસ કેડિલાના અધિકારીના જણાવ્યા અનુસાર રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી ઉદ્યોગજગત અને શિક્ષણજગત વચ્ચે સલગ્નતાથી સૌથી વધુ ફાયદો વિદ્યાર્થીઓને કેવી રીતે થાય તેનું શ્રેષ્ટ ઉદાહરણ છે.

આ સિદ્ધિ વિષે વિશેષ માહિતી આપતા ફેકલ્ટી ઓફ ફાર્મસીઝ સંસ્થાના પ્રિન્સીપાલ ડો. અનુરાધા ગજજરે જણાવ્યું હતું કે ૨૦૧૫થી કાર્યરત કેરિયર ડેવલપમેંટ અને પ્લેસમેંટ સેલ (સીડીપીસી) હેઠળ વિદ્યાર્થીઓને ઓફર સ્કીલ અને અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન આપવામાં આવે છે.